# સામાજિક સંસ્થાઓ દ્વારા નેત્રનિદાન કેમ્પ- માસ્ક વિતરણ કોરોના જાગૃતિ અભિયાન ત્રિવિધ કાર્યક્રમ યોજાયો




ભિલોડા, તા.૦૯

દેશભરમાં કોરોના ની ત્રીજી લહેર ચાલુ થઈ છે ત્યારે લોકોને જાગૃત કરવા ની સાથે આંખોની તકલીફ તકલીફ વાળા જરૂરિયાત મંદ લોકો માટે જલારામ સેવા ટ્રસ્ટ. જાયન્ટસ મોડાસા દ્વારા જાયન્ટસ પીપલ્સ ફાઉન્ડેશન ટ્રસ્ટ .જીવદયા પ્રેમી નિલેશ જોશી ની અધ્યક્ષતા માં આયોજન કરવામાં આવ્યું નેત્ર નિદાન કેમ્પ માં ૩૪૬ જરૂરિયાત મંદ દર્દીઓએ પોતાની આંખોની તપાસ કરાવી જેમને દૂર અને નજીકના ચશ્મા હતા ચોખ્ખું જોઈ શકતા નહોતા તેવા દર્દીઓએ દૂર અને નજીકના ચશ્મા ૬૩૨ ચશ્મા દર્દીઓને વિતરણ કરવામાં આવ્યું. આવેલા દરેક વ્યક્તિઓને જાયડસ મોડાસા રામાણી બેંક દ્વારા માસ્ક વિતરણ આવેલી કોરોના ની ત્રીજી લહેર માટે માટે શું તકેદારી રાખવી પડે. સેના કારણે ફેલાય છે તેમની સમજણ આપતી વાત કરવામાં આવી આ કાર્યક્રમમાં મોડાસા જાયન્ટ્સ પ્રમુખ પ્રવીણ પરમાર રામાય,નવા વડવાસા દૂધ મંડળી ના ચેરમેન અરવિંદ ચૌહાણ શાળાના આચાર્ય જલારામ ટ્રસ્ટના પી.આર.ઓ બી.પી બામણીયા સમગ્ર નેત્રનિદાન કેમ્પ નું સંચાલન કર્યું હતું અને ગામ લોકો હાજર રહ્યાં

# અરવલ્લી : સરકારી પ્રાથમિક શાળાના સુપર થર્ટી વિદ્યાર્થીઓ માટે એક્સપર્ટ ક્લાસીસનો પ્રારંભ




ભિલોડા, તા.૦૯

જિલ્લા પંચાયત અરવલ્લીના સ્વ ભંડોળમાં શિક્ષણની છ જેટલી નવીન યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે જે પૈકીની એક મહત્વની યોજના ડો.સર્વપલ્લી રાધકૃષ્ણન્ સુપર થર્ટી બેચ. આ યોજના અંતર્ગત જિલ્લાના તમામ છ તાલુકામાં ધોરણ છ ના ત્રીસ વિદ્યાર્થીને અલગ અલગ સરકારી પ્રા. શાળામાંથી પસંદ કરવામાં આવશે. જે અંતર્ગત પ્રથમ બેચની શરૂઆત તારીખ ૦૮/૦૧/૨૨ ના રોજ મોડાસા ખાતે કરવામાં આવી. આ યોજના અંતર્ગત પસંદ કરાયેલ વિદ્યાર્થીઓને JEE, NEET, IAS, IPS અને બીજી મહત્વની સ્પર્ધાત્મક પરીક્ષા માટે દર શનિવારે અને રવિવારે ત્રણ ત્રણ કલાક, એક્સપર્ટ શિક્ષકો દ્વારા ટ્રેનિંગ આપવામાં આવશે. આ યોજના દીર્ઘ કાલીન ધ્યેય ને નક્કી કરીને શરૂ કરવામાં આવેલ છે. જિલ્લા પ્રાશિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલે આ યોજનાના લોન્ચિંગ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી,જિલ્લા પંચાયત પ્રમુખ અને શિક્ષણ સમિતિના ચેરમેનનો આભાર માન્યો હતો. વધુમાં તમામ ત્રીસ બાળકોને ટી-શર્ટ ભેટ આપનાર વિનોદભાઈ પટેલ નો પણ આભાર માન્યો હતો. અરવલ્લી ભવિષ્યમાં તમામ ક્ષેત્રમાં લીડર તૈયાર કરશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર યોજનામાં પોતાની સેવા આપવા અરવલ્લી જિલ્લાના પ્રાથમિક શિક્ષકો એ તૈયારી બતાવીને એક ઉમદા પ્રેરણા પૂરી પાડેલ છે અને યોજનાની સફળતા માટે કટિબદ્ધતા દર્શાવેલ છે.

# ડીસાની મોઢેશ્વરી સોસાયટીમાં શ્વાનોને લાડુનું જમણ.....



ડીસા,તા. ૯

મકરસંક્રાંતિના પર્વને પુણ્યનો તહેવાર મનાવવામાં આવે છે. ત્યારે ધર્મપ્રેમી લોકો દ્વારા આ પર્વ પર ગાયોને ઘાસચારો, પક્ષીઓને ચણ, ગરીબ વર્ગના લોકોને ઓઢવા પહેરવા માટે કપડા અને અને ભોજન જેવી સામગ્રી આપતા હોય છે જે અંતર્ગત ડીસા શહેરમાં પણ વિવિધ વિસ્તારોમાં સ્થાનિક લોકો? દ્વારા સ્વૈચ્છિક ફંડ ફાળો ઉઘરાવી ગાયોને ઘાસ નિરવામા આવે છે જ્યારે શ્વાન માટે લાડુ બનાવી શ્વાનને ખવરા વવામાં આવે છે. ખાસ કરીને આ પર્વમાં તલની રેવડી તલ માતર તલની ચીકી જેવી અનેક વસ્તુઓનું લોકો પુણ્ય અને દાન કરતા હોય છે ત્યારે આજે ડીસા પાલનપુર હાઈવે પર આવેલી મોઢેશ્વરી સોસાયટીમાં સોમનાથ મહાદેવજીના મંદિરના પ્રાંગણમાં મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે સોમનાથ મહાદેવના પુજારી કિરણભાઈ મહારાજ અને નારી શક્તિ મહિલા મંડળ દ્વારા પોતાના યથાશક્તિ મુજબ ફંડ ઉઘરાવી શ્વાનો માટે લાડવા બનાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું જે લડવાનું જમણ શ્વાનોને પીરસાયું હતું.

### ઉત્તરાયણમાં દારૂની ડિમાન્ડ વધતા બુટલેગરો સક્રિય

# શામળાજી પોલીસે લકઝુરિયસ કારમાંથી રેડ લેબલ વીસ્કીની ૭૨ બોટલ સાથે ૨ ને દબોચ્યા

મોડાસા/ભિલોડા,તા.૦૯

ઉત્તરાયણ પર્વમાં વિદેશી દારૂની ડિમાન્ડમાં નોંધપાત્ર વધારો થતા વિદેશી દારૂ, બિયર અને ક્વાંટરીયાનો ભાવ આસમાને પહોંચતો હોય છે વિદેશી



દારૂની ખપતને પહોંચી વળવા બુટલેગરો નાના-મોટા વાહનો મારફતે વિદેશી દારૂ ઠાલવી રહ્યા છે શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક લકઝુરિયસ કારમાંથી ૭૨ મોંઘીદાટ બોટલ સાથે રાજસ્થાની બે ખેપિયાને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા કારમાં ભરેલ દારૂ ગુજરાતમાં પ્રવેશી મોબાઈલ પર સૂચના મળે તે સ્થળે બુટલેગરને પહોંચાડવાનો હોવાની માહિતી પ્રાપ્ત થઇ હતી. શામળાજી પી.એસ.આઈ ભરત ચૌહાણ અને તેમની ટીમે રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધર્યું છે રાજસ્થાન બાજુથી શંકાસ્પદ ઝડપ સાથે આવતી ટોયાટો કોરોલા કારને અટકાવી તલાસી લેતા કારની શીટની પાછળ આવેલ ખાનામાંથી છૂટી પડી રહેલી વિદેશી દારૂ રેડ લેબલ વીસ્કીની ૭૨ બોટલ કી.રૂ.૧૧૩૦૪૦/- નો જથ્થો જપ્ત કરી કાર ચાલક દિપક ભંવરલાલ સેન અને પ્રભુ મોતીલાલ પ્રજાપતિ (બંને,રહે,રાજસ્થાન) ને દબોચી લઈ વિદેશી દારૂ,કાર અને મોબાઈલ મળી કુલ રૂ.૩.૧૭ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કારમાં વિદેશી દારૂ ભરી આપનાર ઉદેપુરના નરેન્દ્ર મેવાડા સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# ધનસુરા ખાતે મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો જેમાં ૧૭૦ લોકોએ ભાગ લીધો હતો

**કેમ્પમાં ૧૭૦ લોકો એ ભાગ લીધો હતો.જેમાંથી ૫૫ લોકોને ઓપરેશન માટે લઈ જવામાં આવ્યા હતા : મોહનલાલ જમનાદાસ મહેતા પરિવાર તથા સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ અને અંધજન મંડળના સહયોગથી આ કેમ્પ યોજાયો હતો**

ધનસુરા, તા. ૯

ધનસુરા ખાતે મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો સાથે કેમ્પ બાદ મફત નેત્રમણી સાથે મોતિયા નું ઓપરેશન માટે પણ આયોજન કરવામાં આવ્યું હતું.આ કેમ્પ મોહનલાલ જમનાદાસ મહેતા પરિવાર તથા સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ અને અંધજન મંડળ ના સહયોગથી યોજાયો હતો. જેમાં સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ ના ડૉક્ટર શ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. જે.એસ.મહેતા હાઈસ્કૂલ ખાતે યોજાયેલા આ કેમ્પ માં ધનસુરા અને આજુબાજુ ના ગામના લોકો એ લાભ લીધો હતો. કેમ્પ માં ૧૭૦ લોકો એ ભાગ લીધો હતો જેમાંથી ૫૫ લોકો ને ઓપરેશન માટે લઈ જવામાં આવ્યા હતા.આ કેમ્પ માં રામજી મંદિર ના મહંત મહામંડલેશ્વર પુરણશરણ દાસજી મહારાજ,રાજુભાઈ મહેતા, કાંતિભાઈ પટેલ, ડો. શિરીષભાઈ શાહ,ડો.રાકેશભાઈ શાહ,વિપુલ શાહ,પરેશ શાહ,ડો.જનકભાઈ પ્રજાપતિ,સ્નેહલભાઈ ઠેકડી, પ્રીતિબેન ઠેકડી,સ્વાતિબેન શાહ, પિયુષભાઈ શાહ,દિનેશભાઈ સોનેરી,ઓમ પ્રકાશભાઈ શાહ, હસમુખભાઈ પટેલ, મનીષભાઈ શાહ, ભાવેશ શાહ, નિમેષ શાહ,અલ્પેશભાઈ શાહ, ઝાલા ભરતસિંહ, વણકર ગીરીશભાઈ,પટેલ નીતિન,પગી સોમાભાઈ,ખાંટ રાકેશભાઈ અને સહુ ના સહકાર થી કાર્યક્રમ સફળ બન્યો હતો.



### હિંમતનગર બસસ્ટેશન પાસે અકસ્માત

# પ્રાંતિજના ઈસમને ટક્કર મારી ઈજાઓ પહોંચાડી ઈકો કારચાલક ગાડી લઈ ફરાર

**ઇજાગ્રસ્ત ઇસમ દ્વારા ઇકોકાર નંબર આધારે પોલીસ ફરિયાદ કરી : હિંમતનગર બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ કરી**

પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના ઈસમ ને હિંમતનગર બસસ્ટેશન પાસે ઈકો ચાલકે અડફટે લઈ ટક્કર મારી શરીરે ઈજાઓ પોહચાડી પગે ફ્રેકચર કરી ઈકોકાર લઈ ને ભાગી જતા ઈજાગ્રસ્ત ઈસમ દ્વારા ઈકોકાર ના નંબર ને આધારે ઈકો કાર ચાલક વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરી

પ્રાંતિજ ખાતે રહેતા ગુલાબસિંહ હેમતસિંહ ચૌહાણ કે જેવો હિંમતનગર ખાતે કોઈ કામ અર્થે ગયા હતા અને હિંમતનગર બસસ્ટેશન પાસે તેવો રોડ કોસ કરતા હતા તે સમયે એક ઈકોકાર ચાલક ઈકોકાર નંબર જીજે૦૧ દ્રઢ-૭૫૭૭ નો ચાલક પુર ઝડપે બેદરકારી અને ગફલત ભરી રીતે હંકારી ચલાવી લાવી રોડ કોસ કરતા ગુલાબસિંહ હેમતસિંહ ચૌહાણ ને ટક્કર મારી નીચે રોડ ઉપર પાડી દઈ ને શરીરે વત્તાઓછી ઈજાઓ પહોચાડી ડાબા પગે ગુંટણના ભાગે ફ્રેકચર કરી અકસ્માત સર્જી સ્થળ ઉપર થી પોતાની ઈકો કાર લઈ ને ભાગી જઈ ગુનો કરતા આ અંગે ની ફરીયાદ હિંમતનગર બી ડીવીઝન ખાતે ઈજાગ્રસ્ત ગુલાબસિંહ હેમતસિંહ ચૌહાણ ઉ.વર્ષ-૫૬ રહે.હાલ તપોધન વાસ પ્રાંતિજ મુળ રહે. બાલીસણા તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા દ્વારા પોલીસ ફરિયાદ કરતા હિંમતનગર બી ડીવીઝન પોલીસ દ્વારા ભાગેલ ઈકો ચાલક વિરૂધ્ધ ઈકો કાર નંબર ના આધારે આઈ પી સી કલમ ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ કલમ-૧૭૭,૧૮૪,૧૩૪ (બી) ગુનોનોંધી આગળ ની તપાસ અ.હે.કો. રાકેશ કુમાર વિનુભાઈ દ્વારા આગળ ની તપાસ હાથ ધરવામા આવી હતી.

# બનાસકાંઠા જિલ્લા પંચાયતની વિવિધ છ સમિતિઓના ચેરમેનોની વરણી કરાઈ

**સાત સમિતિ પૈકી મહિલા બાળ વિકાસ સમિતિના ચેરમેનની વરણી મુલત્વી રખાઈ: ચેરમેનોની નિમણૂકને લઈ કોંગ્રેસના કેટલાક સભ્યોમાં નારાજગી પ્રવર્તી**

પાલનપુર તા. ૯

બનાસકાંઠા જિલ્લા પંચાયતની સાધારણ સભામાં વિવિધ સાત સમિતિના ચેરમેનો ના રાજીનામાં લીધા બાદ નવા સાત ચેરમનોની વરણી કરવાની પ્રક્રિયામાં મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન ગેરહાજર રહેતા આ સમિતિ ના ચેરમેનની વરણી મુલત્વી રાખવામાં આવી હતી .અને અન્ય છ સમિતિના ચેરમેનની વરણી કરવામાં આવી હતી. કોંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતની બે દિવસ અગાઉ સાધારણ સભા મળી હતી.

જેમાં જિલ્લા પંચાયત ની વિવિધ સાત સમિતિના રાજીનામાં મંજુર કરાયા હતા. સમિતિના ચેરમનો ની વરણી માટે બેઠક મળી હતી જેમાં સમિતિ ઓની પસંદગી ને લઈ મહિલા બાળ વિકાસ અને યુવા પ્રવુતિઓ માટે ની સમિતિના ચેરમેન ગેરહાજર રહેતા આ સમિતિ ના ચેરમેન ની વરણી મુલત્વી રખાઈ હતી જ્યારે અન્ય છ સમિતિ ઓમાં આરોગ્ય સમિતિના ચેરમેન તરીકે જયંતીભાઈ બાબુજી વાધણીયા, બાંધકામ સમિતિના ચેરમેન તરીકે બાલુબેન રાયકરણસિંહ ઠાકોર,ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિના ચેરમેન તરીકે પુરણસિંહ જાલમસિંહ વાઘેલા, શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે માંગીલાલ પીથાજી પટેલ, કારોબારી સમિતિના ચેરમેન તરીકે રવિરાજ મુકેશભાઈ ગઢવી અને સામાજિક ન્યાય સમિતિ ના ચેરમેન તરીકે લાડુરીબેન નાનાભાઈ પરમાર ની વરણી કરાઈ હતી.

**નવ નિયુક્ત ચેરમેનો**

૧. આરોગ્ય સમિતિઃ જયંતીભાઈ બાબુજી વાધણીયા
૨. બાંધકામ સમિતિઃ બાલુબેન રાયકરણસિંહ ઠાકોર
૩. ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિઃ પુરણસિંહ જાલમસિંહ વાઘેલા
૪. શિક્ષણ સમિતિઃ માંગીલાલ પીથાજી પટેલ
૫. કારોબારી સમિતિઃ રવિરાજ મુકેશભાઈ ગઢવી
૬. સામાજિક ન્યાય સમિતિઃ લાડુરીબેન નાનાભાઈ પરમાર
૭. મહિલા બાળ વિકાસ સમિતિઃમુલત્વી



### વિજ ચેકીંગનો સીલસીલો યથાવત

# પ્રાંતિજ તથા ખારી અમરાપુરમાં વીજ કંપનીના દરોડા ૧૨ લાખની વીજ ચોરી ઝડપાઈ

**પ્રાંતિજ-હિંમતનગરની સાત ટીમો બનાવી વિજચેકિંગ હાથ ધરાયુ હતુ : પ્રાંતિજના વ્હોરવાડ વિસ્તાર અને અમરાપુર ખાતે ચેકીગ હાથ ધરાયુ હતુ : કુલ-૧૧ જગ્યાએથી ૧૨ લાખની વીજ ચોરી ઝડપાઇઃ ઉપરા ઉપરી વીજ કંપનીના દરોડા થી વીજ ચોરી કરતા લોકોમાં ભયનો માહોલ**

પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના વ્હોરવાડ અને અમરાપુર ખાતે વહેલી સવારે પ્રાંતિજ-હિંમતનગર ની વીજ ટીમો દ્વારા વીજ ચેકીંગ હાથ ધરાતા પ્રાંતિજ ના વ્હોરવાડ માંથી ૧૧ લાખ ની વીજ ચોરી તો અમરાપુર માથી ૧ લાખ ની વિજ ચોરી ઝડપાઇ હતી પ્રાંતિજ અને અમરાપુર માથી કુલ -૧૧ જગ્યાએ થી વિજ ચોરી ઝડપાઇ.



પ્રાંતિજ ખાતે કાર્યરત વીજ કંપની તથા હિંમતનગર વીજ કંપની દ્વારા પ્રાંતિજ સહિત તાલુકા મા થઈ રહેલી વીજ ચોરી ઝડપી પાડવા સાત ટીમો બનાવવામા આવી હતી જેમા પ્રાંતિજ ની એક ટીમ તથા હિંમતનગર ની છ ટીમ મળી ને પ્રાંતિજ ના વ્હોરવાડ તથા ખારી અમરાપુર ગામે સાતેય ટીમો દ્વારા વીજ ચેકીંગ હાથ ધરાઈ હતી જેમા પ્રાંતિજ વ્હોરવાડ માંથી ૧૦ જગ્યાએથી વીજ ચોરી ઝડપી પાડી હતી અને વીજ જોડાણ કાપી કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી જેમા વ્હોરવાડ માંથી ૧૧ લાખ ની વીજ ચોરી ઝડપી પાડી હતી તો ખારી અમરાપુર ખાતે એક જગ્યાએથી ૧ લાખ ની વિજ ચોરી ઝડપી પાડી હતી જેમા વિજ કંપની દ્વારા પ્રાંતિજ ના વ્હોરવાડ અને અમરાપુર ગામ મા થઈ ને કુલ-૧૧ જગ્યાએથી વીજ ચોરી ઝડપી પાડી હતી જેમા કુલ-૧૨ લાખ ની વીજ ચોરી ઝડપાઈ હોવાનુ પ્રાંતિજ વિજ કંપની ના એન્જીનીયર શૈલેષભાઈ યાદવ દ્વારા ટેલીફોનીક પુછતા જણાવ્યુ હતુ તો ત્યારે પ્રાંતિજ-હિંમતનગર વિજ કંપની દ્વારા વહેલી સવારે હમરા હમરા ઉપરા છાપરી વિજચેકિંગ હાથ ધરાતા વીજ ચોરી કરતા લોકો મા ભંય નો માહોલ જોવા મલ્યો છે.

## જન્મદિને વધામણી



પિયુષભાઈ શાહ
ચોઇલા હાઇસ્કુલ
બાયડ જીલ્લો અરવલ્લી




પ્રતીક જે પટેલ
ડેમાઈ તા. બાયડ



અંજલીબેન તરુણભાઈ પટેલ
સહજાનંદ સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી



ડો. વસિષ્ઠ ડો. મહેન્દ્રભાઈ પટેલ
સંજીવની હોસ્પિટલ, બાયડ
બાયડ જીલ્લો અરવલ્લી



કલરવ આર.પટેલ
ઓઢવ ,અમદાવાદ



મંત્ર વિનોદભાઈ પંચાલ
શ્રીજી સોસાયટી
બાયડ જિલ્લો અરવલ્લી



ચંદ્રકાન્ત સી શાહ
નિવૃત્ત કાર્યપાલક ઈજનેર
ગિરિરાજ સોસાયટી,
બાયડ, જિ. અરવલ્લી

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧